# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 20-11-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા તબીબ, સર્જન અને ફિઝિશિયન સહિતની 2804 જગ્યાઓ પર ભરતીની જાહેરાત
2. લોકકલ્યાણ, ઇનોવેશન અને ટેક્નૉલોજીના ઉપયોગથી ગુજરાત દેશનું રોલ મોડેલ બન્યું હોવાનું મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે જણાવ્યું
3. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગ્રામિણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મિશનમાં સક્રિય રીતે જોડાવવા અનુરોધ કર્યો
4. મેટ્રો રેલ સેવાનો લાભ લોકો લઇ શકે તે માટે એસ.ટી. વિભાગે અમદાવાદ થી ગાંધીનગર સેક્ટર -1 સુધી  બસ સેવાઓ લંબાવી
5. રંગમંચ અને ભવાઇના કલાકાર રમેશ તુરી ઉર્ફે "રંગલા" નું ૮૧ વર્ષે નિધન

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GPSC PRESS

GPSC ના ચેરમેન હસમુખ પટેલે આજે પ્રેસ કોન્ફરન્સ યોજી અને આરોગ્ય વિભાગ માટે સૌથી મોટી ભરતી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આરોગ્ય વિભાગમાં બે હજાર કરતાં વધુ જગ્યાઓ ઉપર ભરતી કરાશે. જે અંતર્ગત તબીબી અધિકારી વર્ગ -2 માટે 1 હજાર 506 જગ્યા, જનરલ સર્જન તજજ્ઞ માટે 200, ફિઝિશિયન તજજ્ઞ માટે 227, ગાયનેકોલોજિસ્ટ માટે 273, તથા વીમા તબીબી અધિકારી માટે 147 જગ્યા સહિત 2 હજાર 804 જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પૂરતા ઉમેદવારો મળ્યા ન હોવાનાં કારણે જગ્યા ભરાઈ ન હતી, જેથી અત્યારે આ ભરતી બહાર પાડવામાં આવી છે.

નોંધનીય છે કે અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ ઉમેદવારી કરી શકશે.

(બાઇટ- હસમુખ પટેલ, GPSC ચેરમેન)

...................................................

## CM – MP DELEGATION

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવ તથા તેમનું પ્રતિનિધિ મંડળ ગુજરાતની બે દિવસીય મુલાકાતે છે.

તેઓ ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં-ઉર્જા મંત્રી કનુ દેસાઈને મળ્યા હતા. જ્યાં તેમને ગુજરાતના વિકાસના નવતર આયામોથી માહિતગાર કરાયા હતા.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી ડૉ. મોહન યાદવે સી.એમ. ડેશબોર્ડ, મેડિકલ એજ્યુકેશન, રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઊર્જા સક્ષમતા અને રિન્યુએબલ એનર્જી, આત્મનિર્ભરતા, ફાર્માસ્યુટીકલ, બલ્ક ડ્રગ-એમ.એસ.એમ.ઈ. સેક્ટર, શહેરી વિકાસ યોજનાઓમાં ટી.પી.ના અમલિકરણ, સેમી કન્ડક્ટર સેક્ટર તથા માર્ગ વાહન વ્યવહાર જેવા ક્ષેત્રોમાં ગુજરાતે કરેલા નોંધપાત્ર વિકાસની પ્રશંસા કરી હતી. અને લોકકલ્યાણ, ઇનોવેશન અને ટેક્નૉલોજીના ઉપયોગથી ગુજરાત દેશનું રોલ મોડેલ બન્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકમાં જણાવ્યું કે, પ્રધાનમંત્રીના દૂરદર્શી નિર્ણયથી ગુજરાત વિકાસની નવી ઊંચાઈઓ સર કરવા સક્ષમ બન્યું છે.

------------------------

## PRAKRUTIK KHETI SAKHI SAMVAD

ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીના મિશનમાં સક્રિયતાથી સહભાગી થવા રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે અનુરોધ કર્યો છે. મધ્ય ગુજરાતના 10 જિલ્લાઓની 700 જેટલી પ્રશિક્ષિત પ્રાકૃતિક કૃષિ સખી મહિલાઓને સંબોધતા રાજ્યપાલે જણાવ્યું કે પ્રાકૃતિક કૃષિએ પરમાત્માની પ્રકૃતિ માટેનું પોષણ

અભિયાન છે. વધુમાં તેમણે ઉમેર્યું કે રાજ્ય સરકારના પ્રયાસોથી દસ લાખ જેટલા ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે.

ગુજરાતમાં 11 હજાર 160 ગ્રામીણ મહિલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની પદ્ધતિસરની સઘન તાલીમ આપીને 'પ્રાકૃતિક કૃષિ સખી' તરીકે તૈયાર કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ સખી પોતપોતાના ગામમાં અન્ય મહિલાઓને પ્રાકૃતિક કૃષિ કરવાની પ્રેરણા અને તકનિકી માર્ગદર્શન આપશે.

---------------

## AHMEDABAD S.T.NIGAM

મેટ્રો રેલ સેવાનો લાભ લોકો લઇ શકે તે માટે એસ.ટી. વિભાગે અમદાવાદ થી ગાંધીનગર સેક્ટર -1 સુધી બસ સેવાઓ લંબાવી છે.

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ સેવા અમુક વિસ્તારોમાં શરૂ થઇ ગઇ છે, ત્યારે તેના રૂટમાં હાલ વધારો કરવામાં આવ્યો છે. જે મુસાફરોને ગાંધીનગર સેક્ટર -1 સુધી મેટ્રોમાં જવું હશે તેમના માટે સચિવાલય, પથિકાશ્રમ, અને ગાંધીનગર સીબીએસ જવા-આવવા માટે એસ.ટી.સેવા શરૂ કરવામાં આવી છે.

--------------

## PATAN RAGING CASE

પાટણની ખાનગી કોલેજમાં થયેલા રેગિંગ કેસમાં આરોપી 15 વિદ્યાર્થીઓના એક દિવસના પોલીસ રિમાન્ડ પૂર્ણ થતાં તેમને કોર્ટમાં રજૂ કરાયા હતા. જ્યાં પોલીસે વધુ રિમાન્ડની માગણી ન કરતા તમામને પાટણની સુજનીપુર સબ જેલમાં મોકલવામાં આવ્યા છે. આ પંદરમાંથી સાત આરોપી વિદ્યાર્થીઓએ જામીન અરજી કરી હતી, જેમને કોર્ટે નામંજૂર કરી છે. આરોપીઓ હવે સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી શકશે.

-------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

...................................

## RAMESH TURI “RANGALA”- NIDHAN

રંગમંચના કલાકાર રમેશ તુરી ઉર્ફે "રંગલા" નું ૮૧ વર્ષે નિધન થયું છે. વર્ષ ૧૯૫૪ થી ભવાઈ, નાટક, થિયેટર, રેડિયો, ટેલિવિઝન અને ફિલ્મ એમ વિવિધ કલા મંચ પર અભિનેતા, લેખક, દિગ્દર્શક, પ્રોડ્યુસર તરીકે આજીવન સેવા આપી હતી. આ ઉપરાંત તેમણે ગુજરાતી, મરાઠી, ભોજપુરી, રાજસ્થાની

અને હિન્દી ભાષાની ૫૦૦ જેટલી ફિલ્મોમાં મુખ્ય સહાયક નિર્માતા અને નાની મોટી ચરિત્ર ભૂમિકાઓ ભજવી હતી. રાજ્ય સરકાર દ્વારા તેમને વર્ષ ૨૦૧૨ માં ગુજરાત ગૌરવ પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

રમેશ તુરીનું મૂળ નામ રેવાભાઈ નથુભાઈ તુરી હતું. તેમનું વતન અને જન્મસ્થળ પાટણ તાલુકાનું બાલીસણા ગામ છે. જ્યારે તેમની કર્મભૂમિ રાજકોટ રહી છે.

આકાશવાણી રાજકોટ રેડિયો સ્ટેશનમાં બી ગ્રેડ ડ્રામા આર્ટિસ્ટ તરીકે અને દૂરદર્શન રાજકોટ તથા દૂરદર્શન અમદાવાદમાં નિર્માતા, દિગ્દર્શક, લેખક અને અભિનેતા તરીકે તેઓ સતત કાર્યશીલ રહ્યા.

---------

## GUJ WEATHER

હવામાન વિભાગ અનુસાર આગામી દિવસોમાં રાજ્યમાં ઠંડી વધી શકે છે. આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે. આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે હવામાન વિભાગના વૈજ્ઞાનિક અશોક કુમાર દાસ.

(BYTE- A.K.DAS)

------------------------------

# MORBAI SCHOOL NOTICE

મોરબી જિલ્લામાં વેકેશન દરમિયાન શૈક્ષણિક કાર્ય ચાલુ રાખવા બદલ પાંચ શાળાઓને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. દિવાળી વેકેશન દરમિયાન કેટલીક શાળા બસના વીડિયો વાઇરલ થતા જિલ્લા શિક્ષણ વિભાગે તપાસ હાથ ધરી હતી. જિલ્લા શિક્ષણ નિરીક્ષક પ્રવિણ અંબારિયાએ જણાવ્યું કે નાલંદા વિદ્યાલય સહિત પાંચ શાળાઓને નોટિસ પાઠવવામાં આવી છે. તેની સામે નિલકંઠ શાળાના સંચાલકે પ્રતિક્રિયા આપી ....

(BYTE - જીતું વડસોલા, નીલકંઠ સ્કુલ સંચાલક )

-----------

# AMBAJI MANDIR BHANDAR

યાત્રાધામ અંબાજી મંદિર ખાતે દિવાળીના તહેવારો દરમિયાન અંદાજે 1 કરોડ 65 લાખ રૂપિયાની આવક થઈ છે. દર મંગળવારે મંદિરના ભંડાર ખોલવામાં આવે છે, અને સીસીટીવી કેમેરાના નિરીક્ષણમાં ભંડારની ગણતરી કરવામાં આવે છે. દિવાળી સુધીમાં અત્યાર સુધીમાં ત્રણ વાર ભંડાર ખોલવામાં આવ્યા. પ્રથમ ભંડારમાં 64 લાખ, બીજા ભંડારમાં 52 લાખ, જ્યારે ત્રીજા ભંડારમાં 45થી 50 લાખ રૂપિયાની આવક થઈ હોવાના અહેવાલ છે.

-----------------------------------

# DANG - SHE TEAM

ડાંગ જિલ્લા સાપુતારા પોલીસની શી ટીમ દ્વારા પ્રોજેક્ટ સંવેદના અંતર્ગત ગલકુંડમાં સરકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. શી ટીમ દ્વારા ડાંગી ભાષામાં હાટ બજારમાં ઉપસ્થિત લોકોને સરકારી યોજનાઓના લાભ મેળવવા ઉપરાંત સાઇબર ગુનાઓ, ટ્રાફિક નિયમો વિશે માહિતી આપવામાં આવી. આ પ્રસંગે ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણિયા તેમજ નાયબ પોલીસ અધિક્ષક એસ. જી. પાટિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

----------------------------

# MAHISAGAR FARMER REGISTRY

કેન્દ્ર સરકાર દ્વારા ખેડૂતોને વિવિધ યોજનાનો લાભ સરળતાથી મળી રહે એ માટે ખેડૂત નોંધણી ફરજિયાત બનાવાઈ છે. મહેસાણા જિલ્લા સહકારી મંડળીઓ દ્વારા તેમને હસ્તક નોંધાયેલા ખેડૂતોને 25 નવેમ્બર સુધીમાં ફરજિયાત નોંધણી કરાવવા માટે કહેવામાં આવ્યું છે. ખેડૂતો ગ્રામ પંચાયત ખાતે ઇ – ધરા કેન્દ્ર પર વીસીઈ મારફતે અથવા ખેડૂત ખાતેદાર જાતે FARMER REGISTRY GUJARAT મોબાઈલ એપ પર જઈને નોંધણી કરાવી શકે છે.

.......................

# TAPI - BIRSA MUDA RATHYATRA

ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિ નિમિત્તે જનજાતિ ગૌરવ દિવસની ઉજવણી કરાઈ રહી છે. જેના ભાગ રૂપે આદિવાસી અમૃત કુંભ મહોત્સવ 2024ની રથયાત્રા રાજ્યના 14 જિલ્લાના તમામ તાલુકાઓમાં ફેરવવામાં આવી રહી છે.

આ રથયાત્રા તાપી જિલ્લાના વાલોડ ખાતે પહોંચી હતી. ત્યાંથી ડોલવણ જશે, ત્યારબાદ વ્યારા, સોનગઢ, નિઝર અને કુકરમુંડા સુધી ભ્રમણ કરશે. દરમિયાન રથયાત્રામાં ભગવાન બિરસા મુંડાના જીવનની ઝાંખી, ફિલ્મ, પોસ્ટરો અને ટેબ્લો ઉપરાંત આદિજાતિ વિકાસ હસ્તકની યોજનાઓને પ્રચાર પ્રસાર કરાશે.

બીજી તરફ કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગરહવેલીમાં સેલવાસના કલા કેન્દ્ર ખાતે વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. દરમિયાન શાળાના જનજાતિય શ્રેણીમા ધોરણ 10 અને 12મા પ્રથમ અને દ્વિતીય સ્થાને આવેલા વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું.

----------------------

## GONDAL MARKETING YARD

મરચા માટે જાણીતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં આજથી મરચાની આવક શરૂ થઈ છે. વિવિધ જિલ્લાઓ ઉપરાંત અન્ય રાજ્યોમાંથી પણ વેપારીઓ અહીં મરચાની ખરીદી માટે આવી રહ્યા છે. યાર્ડમાં અંદાજે 23 હજાર રૂપિયાથી સોદાની શરૂઆત થઈ હતી. જ્યારે મરચાના ભાવ 3 હજાર રૂપિયાથી લઈને 6 હજાર રૂપિયા પ્રતિ ક્વિન્ટલ સુધી બોલાઈ રહ્યા છે.

(BYTE – ધરમેન્દ્ર સિંહ જાડેજા, વાઇસ ચેરમેન, ગોંડલ માર્કેટિંગ યાર્ડ)

---------

## NEWS IN BRIEF

### અને હવે રાજ્યના કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

1. રાજકોટના સાંસદ પુરુષોત્તમ રૂપાલાની અધ્યક્ષતામાં જિલ્લા વિકાસ સંકલન અને નિયમન સમિતિની બેઠક મળી હતી. જેમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની પ્રગતિની સમીક્ષા કરવામાં આવી.
2. જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં ભૂજ ખાતે અટલ ભૂજલ યોજનાના અમલીકરણ અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી.
3. સુરતના મેયર દક્ષેશ માવાણીએ બ્રાઝિલના રિયો ડી જાનેરો ખાતે આયોજીત અર્બન 20 સમિટમાં સંબોધન કરતા 2030 સુધીમાં સુરત નગર પાલિકાની ઊર્જાની જરૂરિયાતમાં 50 ટકા પુનપ્રાપ્ય ઊર્જા સ્રોતો પેદા કરવાનો લક્ષ્યાંક હોવાનું જણાવ્યું.
4. સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા 3 ડીસેમ્બરના રોજ વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી કરાશે. જે અંતર્ગત દિવ્યાંગજનો દ્વારા તૈયાર કૃતિઓનું પ્રદર્શન, ચર્ચા સત્રોનું આયોજન કરાશે.
5. બાગાયતી યોજનાઓનો લાભ લેવા માટે આઇ-ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકાયું છે. જે અંતર્ગત કેળ, આંબા, કમલમ જેવા ફળોની ખેતી માટેની સહાય માટે 21 નવેમ્બરથી 20 ડીસેમ્બર સુધી નોંધણી કરાવી શકાશે.
6. વલસાડના પારડી ખાતે પા પા પગલી પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લા કક્ષાનો વાલી સંવાદોત્સવ કાર્યક્રમ યોજાયો હતો.